જુનું સચિવાલય અને મીના બજાર સૂમસામ

ગાંધીનગર, તા. ૨૭

જુના સચિવાલયની તમામ કચેરીઓ આજે માસ સીએલના કાર્યક્રમમાં જોડાતા કર્મચારીઓની ચહલપહલથી ધમધમતા રહેતુ જુન સચિવાલય સંકુલ અને મીનાબજાર સાવ સુમસામ લાગતા હતા. જે થોડાઘણા કર્મચારીઓ આવ્યા હતા તેઓ ઓફીસના બદલે બહાર જ બેસી રહ્યા હતા અને બપોર બાદ ઘર ભેગા થઈ ગયા હતા.

ઓફિસના કામકાજના દિવસોમાં ગાંધીનગર કર્મચારીઓની અવરજવરથી સતત ધમધમતુ રહે છે. આજે નવા સચિવાલય સિવાયની તમામ કચેરીઓના કર્મચારીઓ માસ સીએલના કાર્યક્રમમાં જોડાયા હતા. આથી જુનુ સચિવાલય, કલેક્ટર કચેરી, પાટનગર યોજના ભવન ઉપરાંત સેક્ટર-૧૦માં આવેલી ઘણી કચેરીઓ સુમસામ લાગતી હતી. કેટલીક કચેરીઓના તો તાળાં જ ખુલ્યા ન હતા. જે થોડા ઘણાં કર્મચારીઓ ઓફિસ આવ્યા હતા તેમને બહાર ઉભા રહેવાની ફરજ પડી હતી. વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓ માસ સીએલના કાર્યક્રમમાં ન જોડાતા તેઓ માંડ ઓફિસ ખોલાવી બેઠા હતા. જો કે વર્ગ-૩ના કર્મચારીઓ કચેરીમાં ન આવતા તમામ કામકાજ ઠપ્પ રહ્યુ હતુ. જે થોડા ઘણાં કર્મચારીઓ આવ્યા હતા તેઓએ પણ બપોર બાદ ચાલતી પકડી હતી. કેટલાંક આગેવાન કર્મચારીઓ મંડળના દેખાવ કાર્યક્રમમાં જોડાયા હતા. કલેક્ટર કચેરીના કર્મચારીઓ પણ આ કાર્યક્રમમાં જોડાતા લોકોના કામ આજે અટવાઈ પડ્યા હતા. એટલુ જ નહી કર્મચારીઓની અવરજવરથી જીવંત લાગતું મીનાબજાર સાવ સુમસામ થઈ ગયું હતું. મીનાબજારમાં ઉભા રહેલા શાકભાજીવાળાઓ અને અહીંના વેપારીઓ પણ કર્મચારીઓની ઘરાકી ન મળતા નવરાં બેસી રહ્યા હતા. ચાની કીટલીઓવાળાનો તો આજે ધંધો જ થયો ન હતો.

પાટનગર યોજના વિભાગની કચેરીઓમાં સન્નાટો છવાયો

વિવિધ વર્તુળની કચેરીઓમાં કર્મચારીઓની ગેરહાજરીથી વહીવટી કામગીરી ઠપ્પ થઈ

ગાંધીનગર, તા. ૨૭

સંકલન સમિતિએ આપેલા માસ સી.એલ.ના કાર્યક્રમ અન્વયે આજે માર્ગ-મકાન વિભાગની વિવિધ કચેરીઓમાં પણ ખાલીપો જોવા મળ્યો હતો. પાટનગર યોજના ભવનમાં પણ કર્મચારીઓની ગેરહાજરી વચ્ચે સન્નાટો જોવા મળ્યો હતો. અંદાજિત ૧૨૦૦ જેટલા કર્મચારીઓ ફરજ પર હાજર ન રહેતા પાટનગર યોજના વિભાગની વહીવટી કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી.

કર્મચારી આલમના પડતર પ્રશ્નો સંદર્ભે સરકાર સમક્ષ અનેકવાર રજૂઆત કરવા છતાં કોઈ ઉકેલ ન આવતા કર્મચારી સંકલન સમિતિ દ્વારા સરકાર સામે લડત આપવા આંદોલનની રાહ અપનાવી છે. સરકાર સાથેની મંત્રણાઓ પડી ભાંગતા કર્મચારી સંગઠનો દ્વારા માસ.સી.એલ.ના કાર્યક્રમનું એલાન કરવામાં આવ્યું હતું. માસ સી.એલ.ની અસરના પગલે નગરની વિવિધ સરકારી કચેરીઓમાં ખાલીપો જોવા મળ્યો હતો. માર્ગ-મકાન વિભાગની વિવિધ કચેરીઓમાં પણ કર્મચારીઓની ગેરહાજરીના લીધે સૂનકાર પ્રવર્ત્યો હતો. પાટનગર યોજના વિભાગ, વિદ્યુત અને પંચાયત વર્તુળની કચેરીઓ સહિત નેશનલ હાઈવે અને ડીઝાઈન વર્તુળની કચેરીઓ ખાલીખમ જોવા મળી હતી. પાટનગર યોજનાના અંદાજિત ૧૨૦૦ જેટલા કર્મચારીઓ ગેરહાજર રહ્યા હતા. રોજબરોજ કર્મચારીઓ અને અધિકારીઓની અવર જવરથી ધમધમતી વિભાગની કચેરીઓમાં ખાલી ટેબલ-ખુરશી વચ્ચે સન્નાટો જોવા મળ્યો હતો.

સિવિલ હોસ્પિટલને વધુ ત્રણ વર્ષ માટે એનએબીએચથી પ્રમાણિત કરવા ઈન્સ્પેકશન આરંભાયું

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર સિવીલ હોસ્પિટલને વધુ ત્રણ વર્ષ માટે એન.એ.બી.એચ.થી પ્રમાણિત કરવા માટેના આખરી ઈન્સ્પેકશનનો દોર આજથી ત્રણ દિવસ માટે આરંભાઈ રહ્યો છે.

૪ સભ્યોની ટીમ આ ઈન્સ્પેકશન માટે આજે મોડી રાત્રે ગાંધીનગર આવી પહોંચી છે. આ ટીમના એક સભ્ય આજે બપોરે આવી પહોંચ્યા હતા તેમ જાણવા મળેલ છે. ત્રિદિવસીય ઈન્સ્પેકશન માટે સિવીલ સત્તાવાળાઓએ પૂરેપૂરી તૈયારી કરી લીધી છે.

સિવીલ હોસ્પિટલના તમામ કર્મચારીઓને આ માટે ખાસ તાલિમબધ્ધ પણ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત સિવીલ હોસ્પિટલ સત્તાવાળાઓએ આ ઈન્સ્પેકશનને ધ્યાને રાખી પ્રિ-એસેસમેન્ટ માટે સિનીયર ડોકટરોની ટીમ પણ બનાવી હતી અને તૈયારીઓ પૂરી કરી લીધી છે.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલને ૨૦૦૯માં આ પ્રમાણપત્ર મળ્યું હતું. આ પછી ગત વર્ષે જિલ્લાના ડભોડા પ્રા.આ. કેન્દ્રને પણ આ પ્રમાણપત્રથી પ્રમાણિત કરવામાં આવેલ છે. આમ જિલ્લામાં બે આરોગ્ય સંસ્થાઓ એન.એ.બી.એચ.નું પ્રમાણપત્ર ધરાવે છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર મેડીકલ કોલેજ આ વર્ષે જ આરંભાઈ છે અને તેને કારણે પણ સિવીલની આરોગ્ય સેવાઓનું સઘનીકરણ થયું છે તેમજ મેડીકલ કોલેજની સુવિધા સાથેની હોસ્પિટલ એન.એ.બી.એચ.થી પ્રમાણિત થશે તો પણ તે પહેલી આરોગ્ય સંસ્થા બનશે.

એન.એ.બી.એચ.ની ટીમ ઈન્સ્પેકશન દરમિયાન દર્દીઓને સેવાઓની ગુણવત્તા તેમજ સ્ટાફને પણ સેવાઓ અંગે જરુરી પૃચ્છાઓ કરી તેમના તે અંગેના જ્ઞાનને ચકાસશે. સિવીલ હોસ્પિટલના એન.એ.બી.એચ. પ્રમાણપત્રની મુદત આ માસ દરમિયાન જ પૂર્ણ થઈ રહી છે જે ઉલ્લેખનીય છે.

સિવીલ હોસ્પિટલને આ ઈન્સ્પેકશનના પગલે સજાવવામાં આવી છે એટલું જ નહિ સ્વચ્છતા સહિત અનેકવિધ પગલાંઓ લેવામાં આવ્યા છે.

પાણીની પાઈપલાઈનનું ચાલુ કામ શહેરમાં ચાલી રહ્યું છે, જેના કારણે ગુરુવારે ૩ રોડ ઉપર સેક્ટર-૫/૬ એપ્રોચ રોડને અસર પહોંચી હતી. (તસવીર : દિપક જાની)

જિલ્લામાં ચૂંટણી આચાર સંહિતાના અમલીકરણ માટે ૮૨ ટીમની રચના

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીને લઈ આચારસંહિતાના અસરકારક અમલીકરણ અને ખર્ચ મોનીટરીંગ માટે ૮૨ થી પણ વધુ ટીમોની રચના કરી દેવામાં આવી છે.

નવા સીમાંકન પ્રમાણે તેમજ પંચે ચૂંટણી માટે કરેલા કેટલાક મહત્વના સુધારાઓને ધ્યાને રાખી તંત્ર દ્વારા તે અંગેની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં માણસા વિધાનસભાની પેટા-ચૂંટણીના અનુભવને ધ્યાને રાખી તંત્રએ તેની તૈયારીઓ વેગીલી બનાવી દીધી છે. તંત્ર દ્વારા આચારસંહિતાના અસરકારક અમલીકરણ માટે છ જેટલી ટીમો બનાવી છે જ્યારે ખર્ચ મોનીટરીંગ માટે ૭૬ જેટલી ટીમો બનાવી દીધી છે.

આ ટીમો વિધાનસભા બેઠકવાર બનાવવામાં આવી છે. જિલ્લામાં આ ટીમોની રચના અંગેના હુકમો પણ કરી દેવામાં આવ્યા છે એટલુ જ નહિ આ માટે ૩જી

● અનુસંધાન પાન-૭ પર

મનપાએ સે. ૬ થી ૧૫ના રહીશો માટે મિલ્કતવેરો ભરવાની મુદત વધારી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિલ્કતવેરા વસુલી માટે સે. ૧ થી ૫ના બિલો ભરવાની મુદતમાં કરેલા વધારા બાદ આજે સે. ૬ થી ૧૫ના વિસ્તારના રહીશોના બિલની મુદતમાં પણ વધારો કરવાનો નિર્ણય લીધો છે.

મળતી વિગતો મુજબ બિલોના વિતરણમાં રહેલી ત્રુટિઓ તેમજ બિલ ભરવાની મુદતમાં મહિનાના અંતિમ સપ્તાહને લક્ષમાં રાખી તંત્રએ આ મુદત વધારવાનો નિર્ણય કર્યો છે.

બીજી તરફ આકારણી અંગે કોર્પોરેશનના સભ્યોની રચાયેલી પેટા કમિટીની બેઠક પણ ૧લી ઓક્ટો.ના રોજ મળનાર છે એટલે આ બેઠકમાં પણ આકારણી અંગેની ફરિયાદોના નિકાલની વિગતો વિશેની કેટલીક હકીકતો બહાર આવે તેવી સંભાવનાઓ છે.

કોર્પોરેશનની એક સત્તાવાર યાદીમાં જણાવાયા મુજબ સને-૨૦૧૧-૧૨ તથા ૨૦૧૨-૧૩ના મિલકત વેરાના બીલો આકારણીના નિયમો મુજબ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સેક્ટર-૬ થી ૧૫ અને ઈન્ફોસીટીના રહેવાશીઓને મોકલવામાં આવેલ. મિલકત વેરાના બિલોના નાણાં સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૭-૯-૨૦૧૨ અને ત્યારબાદની રાખવામાં આવેલ હતી. પરંતુ વેરાના નાણાં ભરવાના ઘસારા તથા લોકલાગણીને ધ્યાને લઈ મિલકતવેરો ભરવાની છેલ્લી તારીખ ૨૭-૯-૨૦૧૨ અને ત્યારબાદના બદલે તા. ૧૫-૧૦-૨૦૧૨ સુધી આથી જાહેર હીતમાં લંબાવવામાં આવે છે. આ તારીખ સુધી નાણાં ભરનાર પાસેથી નોટીસ ફીના રૂપિયા બે વસુલ કરવામાં આવશે નહી.

૩૦ થી ૪૦ વયના વ્યક્તિઓમાં હાર્ટ એટેકનું પ્રમાણ વધ્યું

અમદાવાદ, તા. ૨૭

ગુજરાત સહિત ભારતીઓની બદલાતી જીવનશૈલી, આહાર અને ધૂમ્રપાન અને માનસિક તનાવને કારણે ૩૦ થી ૪૦ વર્ષની ઉંમરના લોકોમાં હાર્ટ એટેકનું પ્રમાણ વધી ગયું છે. આ ઉપરાંત મહિલાઓમાં પણ હાર્ટએટેકનું પ્રમાણ વધી ગયું છે. તેમ રાજસ્થાન હોસ્પિટલના કાર્ડીયોલોજીસ્ટ પ્રો. હિતેશ શાહે જણાવ્યું હતું.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વિશ્વમાં દર વર્ષે સપ્ટેમ્બર માસના છેલ્લા રવિવારે વર્લ્ડ હાર્ટ ડે ની ઉજવણી થાય છે. વિશ્વમાં હૃદય સંબંધી બિમારીથી વર્ષે આશરે ૧૯.૩ મીલીયન લોકો મૃત્યુ પામે છે. ગુજરાત સહિત ભારતમાં બદલાતી જીવનશૈલી, આહાર અને આનુવંશિક કારણોના લીધે હાર્ટ એટેકના દર્દીઓમાં વધારો થયો છે. વિદ્યાર્થીઓ ઉપરાંત યુવાનોમાં માનસિંહ તનાવ, ધૂમ્રપાન, ડ્રિંકિંગ અને જંકફૂડ વગેરેને કારણે ૩૦ થી ૪૦ વયની ઉંમરના લોકોમાં હાર્ટ એટેકનું પ્રમાણ વધ્યું છે. આને ગંભીરતાથી નહીં લેવાય તો આ પ્રમાણ ટૂંક સમયમાં બમણું થશે.

આ ઉપરાંત મહિલાઓમાં પણ વધતું હાર્ટ એટેકનું પ્રમાણ ચિંતાનો વિષયછે. રોગને નિવારવા લોકો મુખ્ય ત્રણ બાબતોની કાળજી રાખવા ફ્રૂટ, શાકભાજીનું વધુ સેવન કરવું, ફિઝીકલ એકટીવીટી કરવી.

આર.ટી.ઓ. કચેરીનો વહીવટ ઠપ્પ થતાં ૩ લાખની આવક ગુમાવી

લાયસન્સ, વાહન નોંધણી સહિતના કામો માટે અરજદારોને ધક્કો પડયો

ગાંધીનગર, તા. ૨૭

રાજયના કર્મચારીઓની માસ સી.એલ.ના કાર્યક્રમના લીધે નગરની સરકારી કચેરીઓમાં વહીવટી કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. જયારે 'ગ' માર્ગ પર સ્થિત આર.ટી.ઓ. કચેરીમાં પણ કર્મચારીઓની ગેરહાજરીના લીધે લાયસન્સ સહિત વાહન નોંધણીની કામગીરી અટવાઈ હતી. કામગીરીના અભાવે આર.ટી.ઓ. કચેરીએ રૂ. ૩ લાખની આવક ગુમાવી હોવાનું પણ મનાઈ રહ્યું છે.

કર્મચારીઓની માંગણી સરકાર કક્ષાએ ન સ્વીકારાતા યથાવત રહેતા માસ સી.એલ.ના કાર્યક્રમના લીધે આડા દિવસે ધમધમતી સરકારી કચેરીઓમાં વહીવટી ગતિવિધિઓ વિના સૂનકાર પ્રવર્ત્યો હતો.

પાટનગર યોજના ભવન, જૂના સચિવાલય સહિત નગરની આર.ટી.ઓ. કચેરીમાં પણ કર્મચારીઓ ગેરહાજર રહેતા કચેરી સંબંધિત કામગીરી અટવાઈ ગઈ હતી. માસ સી.એલ.ની અસરના પગલે આર.ટી.ઓ. કચેરીમાં લાયસન્સ, વાહન નોંધણી સહિતના કામો સંદર્ભે આવેલા અરજદારોએ ધક્કો ખાવાનો વારો આવ્યો હતો. જયારે લાયસન્સ માટે ઓનલાઈન એપોઈન્ટમેન્ટ ના આધારે કચેરીમાં આવેલા અરજદારોના પણ કામો અટવાયા હતાં. આર.ટી.ઓ. કચેરીની વહીવટી કામગીરી ઠપ્પ થઈ જતા કચેરીએ રૂ. ૩ લાખની આવક ગુમાવી હોવાનું પણ મનાઈ રહ્યું છે.

કોંગ્રેસ જો સત્તા ઉપર આવશે તો ખેડૂતોના હિતોનું પૂર્ણ રક્ષણ થશે

ખેડૂતોને ૧૬ કલાક વીજળી, ૧૦ લાખ કૃષિવીજ જોડાણો અને ૭/૧૨-૮-અના ઉતારા વિનામૂલ્યે અપાશે : લોકોને આકર્ષિત કરવા મુદ્દાની જાહેરાત

અમદાવાદ, તા. ૨૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને કોંગ્રેસ દ્વારા ગુજરાત પ્રજા વિકાસ દર્શન-૨૦૧૨ હેઠળ આઠમા મુદ્દાની આજે જાહેરાત કરવામાં આવી હતી જેમાં ખેડૂતોને ૧૬ કલાક ગુણવત્તાવાળી વીજળી, ૧૦ લાખ ખેડૂતોને વીજ જોડાણ, પાંચ હોર્સ પાવરથી ૧૦૦ હોર્સ પાવરના સોલાર પાવર અને વિન્ડ પાવરથી ચાલતા પંપમાં ૯૦ ટકાની સબસિડી, ૧૮૦૦૦ ગામોમાં સોલાર સ્ટ્રીટ લાઈટની વિનામૂલ્યે વ્યવસ્થા, ૧૦૦ ટકા ઊર્જા સ્વનિર્ભર ગ્રામની રચના અને ઘર વપરાશની વીજળીમાં પ્રથમ ૫૦ યુનિટ વિનામૂલ્યે તથા વીજકરમાં ૧૦ ટકાનો ઘટાડો કરવામાં આવશે.

આ ઉપરાંત દરેક ગ્રામ પંચાયતમાંથી ૭/૧૨ અને ૮-અ ના ઉતારા વિનામૂલ્યે, ખેતરપાકને નુકસાન કરતા રોઝ અને ભૂંડના ત્રાસમાંથી ખેડૂતોને મુક્તિ માટે ખાસ પ્રોજેક્ટ, મગફળીના પોષણક્ષણ ભાવો અને સીંગતેલ સસ્તાં ભાવે, ડાર્કઝોનની નાબૂદી, કપાસ, બટાકા અને ડુંગળી જેવા પાકોમાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તે માટે માર્કેટ ઈન્ટરવેશન કરવા રૂપિયા ૧૦૦ કરોડનું કોર્પસફંડ, તથા નર્મદા કમાન્ડ વિસ્તારના ૧૮ લાખ હેક્ટર જમીનમાં ખેડૂતોને સિંચાઈનું પાણી આપવા વર્ષમાં ૭૬,૬૦૦ કી.મી. લાંબુ કેનાલ નેટવર્ક પૂર્ણ કરાશે. નર્મદાનું દરિયામાં વહી જતું વધારાનું ૩ મીલીયન એકરફીટ પાણીથી ડેમો અને તળાવો ભરી દેવાશે.પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડીયા, વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ, અને કેમ્પેઈન કમિટીના ચેરમેન શંકરસિંહ વાઘેલાએ સંયુક્ત પત્રકાર પરિષદમાં આ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, વીજચોરીના નામે ખેડૂતો પર થયેલા ફોજદારી કેસો પાછા ખેંચી માનવીય અભિગમ અપનાવાશે. પાણી પરનો અધિકાર ખેડૂતોને અગ્રીમ રહેશે. ગૌચરની જમીનો પર પશુપાલકોને અધિકાર અપાશે.

મોદી સરકારે કૃષિ વીજ પૂરવઠામાં ઘટાડો કર્યો છે

અમદાવાદ, તા. ૨૭

શંકરસિંહ વાઘેલા અને કેશુભાઈ પટેલના તત્કાલીન શાસનમાં ખેડૂતોને અપાતી વીજળીમાં વધારો કરાયો હતો. જ્યારે નરેન્દ્ર મોદીની સરકારે ખેડૂતોને અપાતી વીજળીમાં ૪૦૦૦ મિલીયન યુનિટનો ઘટાડો કર્યો છે તેમ વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદીની સરકારે ૩.૩૩ લાખ હેક્ટર ગૌચરની જમીનો પાણીના મૂલે વેચી દીધી છે. ગૌચરના અભાવે પશુધન કતલખાને ધકેલાઈ ગયું છે.

દરમિયાન ભાજપની સરકાર ૧૨ વર્ષથી રાજ કરી રહી છે. ખેડૂતો, પશુપાલકો, વિદ્યાર્થીઓ અને ગરીબોના પ્રશ્નો અત્યાર સુધી યાદ ન આવ્યા હવે ચૂંટણી આવી છે ત્યારે આ બધું યાદ કેમ આવી રહ્યું છે. ભાજપ સરકાર હવે જુઠ્ઠાણા ફેલાવવાનું બંધ કરે તેમ કેમ્પેઈન કમિટીના ચેરમેન શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું.

નાંદોલ-સાણોદા માર્ગ પર બ્રીજ માટે ૮.૫૦ કરોડની મંજુરી

ગાંધીનગર, તા. ૨૭

દહેગામ તાલુકાના નાંદોલ ગામે નાંદોલ-સાણોદા વચ્ચે ખારી નદી પર બ્રીજ બનાવવા માટેના રૂ. ૮.૫૦ કરોડના ખર્ચવાળી યોજનાને રાજ્યના માર્ગ-મકાન મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે મંજૂરી આપી છે.

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના નાંદોલ ગામ પાસેથી ખારી નદી પસાર થાય છે અને આ નદી પર બ્રીજ બનાવવા અંગેની ગ્રામજનોની ઘણા સમયથી માંગ હતી.

આ બ્રીજ બનતાં વાહન-વ્યવહારની સરળતા થશે તેમજ નાંદોલ અને આસપાસના વિસ્તારમાં વિકાસને પણ નવી દિશા મળશે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી સમક્ષ પણ દહેગામ તાલુકાના આગેવાનોએ આ અંગે રજુઆત કરી હતી.

સર્વાંગી વિકાસને ધ્યાને રાખી રાજ્યના માર્ગ-મકાન મંત્રીશ્રીએ આજે આ કામને મંજૂરી આપી દીધી છે. આ કામ હવે ઝડપથી હાથ પર લેવા માટેની તંત્રએ તૈયારીઓ આરંભી દીધી છે.

દરમ્યાન માર્ગ-મકાન મંત્રીશ્રીના આ નિર્ણયને આજે ભાજપના જિલ્લા પ્રમુખ શકુંતલાબેન પટેલ, ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર, ધારાસભ્ય શ્રી કલ્યાણસિંહ ચૌહાણ, દહેગામ તાલુકા ભાજપના પ્રમુખ જગુભાઈ પટેલે આવકાર આપી આભારની લાગણી વ્યક્ત કરી છે.

નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૩૦-૯-૧૨, રવિવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. Suman Tower (સુમન ટાવર)

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

નામ બદલેલ છે

મેં મારું નામ 'વિવિયન જયેન્દ્રભાઈ ગજ્જર' બદલાવીને હવેથી 'વિરાટ જયેન્દ્રભાઈ ગજ્જર' રાખેલ છે.

સરનામું
પ્લોટ નં. ડી-૩૭, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર

દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. પ્રણવ ઉમેશભાઈ ઓઝા
સ્વ. તારીખ : ૨૮-૦૯-૨૦૧૦

દુ:ખે ત્યક્તુમ બદ્ધમુલોનુરાગ:
સ્મૃત્વા સ્મૃત્વા યાતિ દુ:ખં નવત્વં
યાત્રા ત્વેષા યદ્ વિમુચ્યેહ બાષ્પં
પ્રાપ્તાનૃણ્યા યાતિ બુદ્ધિ: પ્રસાદમ્ ॥
કષ્ટે છૂટે જે થયો પ્રેમ ગાઢો
યાદે યાદે દુ:ખ થાયે નવું ને નવુ !
આંસુ સારીને અદા ઋણ કીધું,
સંસારે તો ચિત્ત પામે જ શાતા.

ઉમેશ ઓઝા પરિવાર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
CEAT
તમામ સાઈઝના ઓરીજીનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

ZARIN CATERING Pvt. Ltd.
FOR PROFESSIONAL & EXCELLENT OUTDOOR CATERING
: REGISTERED OFFICE :
B-203, Aman Flat, opp. BJP Office, J.P. Chowk, Khanpur, Ahmedabad
: CORRESPONDENCE OFFICE :
Neminath Electronics, Plot No. E-192, Electronics Estate, B/h. Videocon Factory, Sector-26, Gandhinagar

TMT BARS - ISI
TATA STEEL • PIPES • SHEETS
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com